ISO 9001 : 2000

# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્રમાંકઃ- મફબ/અકડ/મનપા ઓક્ટ્રોય/ માર્ચ/૨૦૧૧/ ૬૮-૯૮ તા. 7 MAR 2011

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૨-૯-૦૭ના જાહેર નામા ક્રમાંક –કેવી -૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૦૨૦૦૭-૧૯૬૩-પી

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૯-૫-૦૪ના પરિપત્ર ક્રમાંક-પરચ /૧૦૨૦૦૪/૬૪૪-બ તેમજ યાદી ક્રમાંકઃ બજટ ૧૦૨૦૦૪-૮૦(૨)-બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી /૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮-૧૧-૦૭ના સુધારા ઠરાવક્રમાંક બીજીટી/૮૦૨૦૦૭/ ૩૯૪૦/પી.

૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૫-૦૨-૧૧ નો ઠરાવ ક્રમાંક- બજટ/૧૦૨૦૧૦/૧૨૯૬/બ

૬. ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરના તા.૫/૩/૨૦૧૧ના દફતરી હુકમ ક્રમાક – મફબ/આઈડીએસએમટી/ વસુલાત/૨૦૧૧/ ૬૯-૭૬

## દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૨-૯-૨૦૦૭ના જાહેરનામાં ક્રમાંક-કેવી-૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૦૨૦૦૭-૧૯૬૩-પી.હેઠળના જાહેરનામાંથી સરકારશ્રી દ્વારા રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાંથી તા.૧૫-૧૧-૦૭ થી ઓક્ટ્રોય નાબુદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ઓક્ટ્રોય નાબુદ થતાં ૭ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક રકમ તરીકે ચુકવણી કરવાની રહે છે. ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૪ ના તા.૨૮-૧૧-૦૭ના સુધારા ઠરાવથી ૭ મહાનગરપાલીકાઓને રકમની ફાળવણીના ધોરણો ઉકત સુધારા ઠરાવના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ અને તે મુજબ ૭ મહાનગરપાલિકઓને મળવાપાત્ર રકમ નક્કી કરેલ છે. જે ધોરણો મુજબ **માર્ચ** -૧૧ ના માસ માટે ₹.,૧૫૦/- કરોડ મહાનગરપાલીકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાનની રકમ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ -૫ ના ઠરાવથી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ -૫ ના ઠરાવના ફકરા ક્રમ –(૨) માં દર્શાવેલ વિગતે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકવામાં આવેલ ₹.૧૫૦/- કરોડની વિકાસના કામો માટેની પ્રોત્સાહક અનુદાનની ફાળવણી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ ૭ મહાનગરપાલીકાઓ વચ્ચે કરવા સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ છે.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ -૬ ના અત્રેના બોર્ડના તા.૫-૩-૨૦૧૧ના દફતરી હુકમથી જણાવ્યા મુજબ સામેલ પત્રકમાં દર્શાવેલ મહાનગરપાલિકા/નગરપાલિકાની આઈડીએસએમટી યોજનાની લોનના બાકી લ્હેણાની રકમ સરકારશ્રીમાં સમયસર ભરપાઈ ન થવાથી ઓડીટ પારા ઉપસ્થિત થયેલ છે અને આ યોજના હેઠળ હજુ સુધી વસુલાત થઈ શકેલ ન હોય લોનના બાકી લ્હેણાની રકમ, ચડત વ્યાજ તથા દંડનીય વ્યાજના બાકી લ્હેણાની રકમ સામેલ પત્રકમાં દર્શાવેલ જુનાગઢ મહાનગરપાલિકાને મળવાપાત્ર ઓકટ્રોય વળતર ગ્રાંટમાંથી વસુલાત પૂર્ણ ન

થાય ત્યા સુધી કપાત કરવા તથા કપાત કરેલ મુદ્દલની રકમ તથા વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ હુકમમાં દર્શાવેલ સંબધિત સદરે જમા કરાવવા આદેશ કરવામાં આવેલ છે. સુચનાનુસાર જુનાગઢ મહાનગરપાલિકાને મળવાપાત્ર ઓકટ્રોય વળતર ગ્રાંટમાંથી ૧૦૦% રકમની વસુલાત પૂર્ણ ન થાય ત્યા સુધી કપાત કરવાની છે.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | માર્ચ -૨૦૧૧ માસ માટે મળવાપાત્ર રકમ ₹. | આઈડીએસએમટીની કપાતની રકમ ₹. | કપાત બાદ ચુકવવાની રકમ ₹. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૬૭,૯૫,૦૦,૦૦૦ | ૦ | ૬૭,૯૫,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૪૬,૯૫,૦૦,૦૦૦ | ૦ | ૪૬,૯૫,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૦,૮૯,૫૦,૦૦૦ | ૦ | ૨૦,૮૯,૫૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૦૮,૩૫,૫૦,૦૦૦ | ૦ | ૦૮,૩૫,૫૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૦૨,૧૯,૦૦,૦૦૦ | ૦ | ૦૨,૧૯,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦૨,૨૯,૫૦,૦૦૦ | ૦ | ૦૨,૨૯,૫૦,૦૦૦ |
| ૭ | જુનાગઢ | ૦૧,૩૬,૫૦,૦૦૦ | ૧,૦૧,૨૫,૦૦૦ | ૩૫,૨૫,૦૦૦ |
| | કુલ | ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ | ૧,૦૧,૨૫,૦૦૦ | ૧,૪૮,૯૮,૭૫,૦૦૦ |

આઈડીએસએમટી યોજના હેઠળ જુનાગઢ મહાનગરપાલિકાની ભારત સરકાર તથા રાજ્ય સરકારની લોન, વ્યાજ તથા દંડનીય વ્યાજના બાકી લ્હેણાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ભારત સરકાર / રાજ્ય સરકાર | તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતીએ આઈડીએસએમટી યોજના હેઠળ જુનાગઢ મહાનગરપાલિકાના બાકી લ્હેણાની વિગત | | | |
|---|---|---|---|---|---|
| | | લોન મુદ્દલ | વ્યાજ | દંડનીય વ્યાજ | કુલ બાકી લ્હેણા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભારત સરકાર | ૩૪,૧૭,૦૦૦ | ૪૧,૦૦,૦૦૦ | ૧,૨૬,૦૦૦ | ૭૬,૪૩,૦૦૦ |
| ૨ | રાજ્ય સરકાર | ૨,૩૧,૦૦૦ | ૨૧,૮૮,૦૦૦ | ૬૩,૦૦૦ | ૨૪,૮૨,૦૦૦ |
| | કુલઃ- | ૩૬,૪૮,૦૦૦ | ૬૨,૮૮,૦૦૦ | ૧,૮૯,૦૦૦ | ૧,૦૧,૨૫,૦૦૦ |

ઉપરોકત વિગતે જુનાગઢ મહાનગરપાલિકાની ભારત સરકાર તથા રાજ્ય સરકારની કુલ લોન મુદ્દલની બાકી રકમ ₹.૩૬,૪૮,૦૦૦/-ની કપાત તથા વ્યાજની રકમ ₹.૬૨,૮૮,૦૦૦/- અને દંડનીય વ્યાજની રકમ ₹.૧,૮૯,૦૦૦/- મળી કુલ ₹.૬૪,૭૭,૦૦૦/-ની કપાત માર્ચ – ૨૦૧૧ની ઓકટ્રોયની મળવાપાત્ર ગ્રાંટની રકમમાંથી કરી નીચે દર્શાવેલ વિગતે લોન સદરે તથા વ્યાજ સદરે જમાં કરાવવાની થાય.

મુદ્દલની રકમ જમા કરાવવાનું સદરઃ-

મુદ્દલ

મુખ્ય સદર-૬૨૧૭-શહેરી વિકાસ માટે લોન

પેટા મુખ્ય સદર- ૬૦ અન્ય શહેરી વિકાસ યોજના

ગૌણ સદર- ૮૦૦ અન્ય લોન

પેટા સદર -૦૨ યુડીપી-૯ નાના અને મધ્યમ નગરોનો સંકલિત શહેરી વિકાસ (કેન્દ્ર પુરસ્કૃત યોજના)

વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ જમા કરાવવાનું સદરઃ-

વ્યાજ

મુખ્ય સદર- ૦૦૪૯-વ્યાજની પ્રાપ્તી

પેટા મુખ્ય સદર- ૦૪ રાજય સરકારની વ્યાજની પ્રાપ્તી

ગૌણ સદર- ૧૯૧ સ્થાનિક સંસ્થાઓ પાસેથી વ્યાજ

પેટા સદર -૦૧ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓ.

માર્ચ-૨૦૧૧ માસમાં જુનાગઢ મહાનગરપાલિકા સિવાયની ૬ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય વળતર પેટે દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ સંબધિત મહાનગરપાલિકાઓને ચુકવવા તથા જૂનાગઢ મહાનગરપાલિકાની ભારત સરકાર તથા રાજય સરકારની કુલ લોન મુદ્દલની બાકી રકમ ₹.૩૬,૪૮,૦૦૦/-ની કપાત તથા વ્યાજની રકમ ₹.૬૨,૮૮,૦૦૦/- અને દંડનીય વ્યાજની રકમ ₹.૧,૮૯,૦૦૦/- મળી કુલ ₹.૬૪,૭૭,૦૦૦/-ની કપાત માર્ચ – ૨૦૧૧ની ઓકટ્રોયની મળવાપાત્ર ગ્રાંટની રકમમાંથી કરી ઉપર દર્શાવેલ વિગતે લોન સદરે તથા વ્યાજ સદરે જમા કરાવવા અને કપાત બાદ બાકી રહેતી રકમ ₹.૩૫,૨૫,૦૦૦/- જુનાગઢ મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકાઓ.

નકલ સવિનય રવાના :-

(૧) નાયબ સચિવશ્રી (શ.વિ.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી (બજેટ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) ઉપ સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૫) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) કલેકટરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ

(૮) એ.જી. અમદાવાદ / રાજકોટ

(૯) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ જી.

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .

(૧૨) નાયબ નિયામકશ્રી (નાણાં), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવ્યા પ્રમાણે કુલ ₹.૧૫૦,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા) ની રકમ પૈકી માર્ચ-૨૦૧૧ માસમાં જુનાગઢ મહાનગરપાલિકા સિવાયની ૬ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર પેટે દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ સંબધિત મહાનગરપાલિકાઓને ચુકવવા તથા જૂનાગઢ મહાનગરપાલિકાની ભારત સરકાર તથા રાજય સરકારની કુલ લોન મુદ્દલની બાકી રકમ ₹.૩૬,૪૮,૦૦૦/-ની કપાત તથા વ્યાજની રકમ ₹.૬૨,૮૮,૦૦૦/- અને દંડનીય વ્યાજની રકમ ₹.૧,૮૯,૦૦૦/- મળી કુલ ₹.૬૪,૭૭,૦૦૦/-ની કપાત માર્ચ – ૨૦૧૧ની ઓક્ટ્રોયની મળવાપાત્ર ગ્રાંટની રકમમાંથી કરી ઉપર દર્શાવેલ વિગતે લોન સદરે તથા વ્યાજ સદરે જમા કરાવવા અને કપાત બાદ બાકી રહેતી રકમ ₹.૩૫,૨૫,૦૦૦/- જુનાગઢ મહાનગરપાલિકાને ચુકવવાની કાર્યવાહી સારૂ.

(૧૩) લોન રીકવરી શાખા, ગુ.મ્યુ.ફા.બોર્ડ તરફ આઇ.ડી.એસ.એમ.ટી. યોજના હેઠળ જુનાગઢ મહાનગરપાલિકાની ભારત સરકાર તથા રાજય સરકારની બાકી લોન મુદ્દલ, વ્યાજ તથા દંડનીય વ્યાજની કપાત અંગેની જાણ સારૂ.

(૧૪) સીલેકટ ફાઇલ.